# Prosperity

શ્રી માતાજીની

સિદ્ધિ-રિદ્ધિ

**2026**
**APRIL**
૧ એપ્રિલ, ૨૦૨૬

## The Yoga of Transformation.
## રૂપાંતર નો યોગ.

**स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।**
**स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥**

**[गीता. 2.54]**

"What is the language of one whose understanding is poised? How does he speak? how sit? how walk?" Men want to know the outer signs of the inner attainment, the way in which a spiritual person differs outwardly from other men. But all the tests which the Gita enumerates are inner and therefore invisible to the outer view. It is true also that the inner or the spiritual is the essential and the outer derives its value and form from the inner. But the transformation about which Sri Aurobindo writes in his books has to take place in nature, because according to him the divine Reality has to manifest itself in nature.

**– A. B. Purani**

[From Introduction of 'Evening Talks with Sri Aurobindo']

## રૂપાંતર નો યોગ.

**स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।**
**स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥**

**[गीता. 2.54]**

'ગીતા' ના બીજા અધ્યાયમાં અર્જુને શ્રી કૃષ્ણને સવાલ પૂછ્યો હતો, તે બધી આધ્યાત્મિક વિભૂતિઓ માટે ઘણાના મનમાં ઊઠે છે કે સ્થિતપ્રજ્ઞની ભાષા કેવી હોય ? તે કેમ બોલે છે ? કેમ બેસે છે ? કેમ ચાલે છે ? માણસો આંતરિક સિદ્ધિનાં બાહ્ય લક્ષણો જાણવા માગે છે. સામાન્ય માણસો કરતાં બાહ્ય રીતે આધ્યાત્મિક વિભૂતિ કઈ રીતે જુદી પડે છે તે જાણવા માગે છે. પણ ગીતા જે લક્ષણો ગણાવે છે, તે બધાં આંતરિક છે અને તેથી બાહ્ય દૃષ્ટિએ જણાય તેવાં નથી. એ વાત સાચી છે કે આંતરિક અથવા આધ્યાત્મિક વસ્તુ વધારે અગત્યની છે, અને બાહ્ય વસ્તુઓ પોતાની મૂલ્યવત્તા તથા સ્વરૂપ આંતરિક વસ્તુમાંથી પ્રાપ્ત કરે છે. પણ શ્રી અરવિન્દ તેમના પુસ્તકોમાં જે રૂપાંતર વિષે વાત કરે છે તેને પ્રકૃતિમાં સિદ્ધ થવાનું હોય છે, ...

**– શ્રી અં.બા.પુરાણી**

(અનુવાદ : શ્રી શાંતિલાલ ઠાકર)

**©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.**
**FROM: SRI AUROBINDO KENDRA,**
**MATRUBHAVAN'87, SWASTIK SOCIETY, AHMEDABAD-9**
**https://themothersprosperity.org**

## Sri Aurobindo’s retirement

This period (1910-1950) of outer retirement was one of intense Sadhana and of intellectual activity – it was also one during which he acted on external events, – though he was not dedicated outwardly to a public cause. About his own retirement he writes:–

“But this did not mean, as most people supposed, that he* (Sri Aurobindo) had retired into some height of spiritual experience devoid of any further interest in the world or in life. It could not mean that, for the very principal of his yoga is not only to realise the Divine and attain to a complete spiritual consciousness, but also to take all life and all world-activity into the scope of this Spiritual Consciousness and action and to base life on the Spirit and give it a spiritual meaning. In his retirement Sri Aurobindo kept a close watch on all that was happening in the world and in India and actively intervened, whenever necessary, but solely with a spiritual Force and silent spiritual action… There is also a spiritual dynamic Power which can be possessed to use it, and this Power is greater than any other and more effective. It was this force which Sri Aurobindo used… in a constant action upon the world forces.”

**– A. B. Purani**

* Used Third person for himself

From: Introduction of ‘EVENING TALKS WITH SRI AUROBINDO’ by A.B.PURANI

## શ્રી અરવિન્દની નિવૃત્તિ

આ નિવૃત્તિના સમયમાં (૧૯૧૦-૧૯૫૦) તેમણે ઉત્કટ સાધના કરી, ખૂબ બૌદ્ધિક ક્રિયાશીલતા દાખવી, તે ગાળામાં તેમણે બાહ્ય ઘટનાઓ ઉપર પણ યોગ-કાર્ય કર્યું, જોકે બાહ્ય દૃષ્ટિએ તેમણે  કોઈ જાહેર કાર્ય સ્વીકાર્યું ન હતું. પોતાની નિવૃત્તિ વિષે તેઓ લખે છે કે:

“પણ ઘણા લોકો ધરતા હતા તેમ હું કોઈ આધ્યાત્મિક અનુભૂતિના શિખર પર નિવૃત્ત થઈ ગયો છું, જગતમાં કે જીવનમાં કોઈ રસ ધરાવતો નથી, તે ખ્યાલ ખોટો હતો. તે બની જ ન શકે, કારણ કે મારા યોગનો કેન્દ્રવર્તી સિદ્ધાંત જ એ છે કે માત્ર દિવ્ય ચેતનાનો સાક્ષાત્કાર કરવો અને પરિપૂર્ણ આધ્યાત્મિક ચેતનાને સિદ્ધ કરવી, એટલું જ પૂરતું નથી; પણ સમગ્ર જીવનને અને જગતની સર્વ ક્રિયાને આ આધ્યાત્મિક ચેતનામાં તથા ક્રિયામાં સમાવી લેવાં અને આત્માના પાયા પર જીવનને પ્રતિષ્ઠિત કરીને તેને આધ્યાત્મિક અર્થ સમર્પવો. તેમના નિવૃત્તિકાળ દરમિયાન શ્રી અરવિન્દ જગતમાં તથા ભારતમાં જે કંઈ બની રહ્યું હતું તેના પર ઝીણવટભરી દૃષ્ટિ રાખતા અને જરૂર લાગે ત્યાં સક્રિય રીતે દરમિયાનગીરી કરતા; પણ તે માત્ર આધ્યાત્મિક શક્તિ દ્વારા અને શાંત આધ્યાત્મિક ક્રિયા દ્વારા… એક આધ્યાત્મિક ક્રિયાશીલ શક્તિ પણ છે જેને પ્રાપ્ત કરી શકાય છે. આ શક્તિ બીજી કોઈપણ શક્તિ કરતાં વધારે પ્રભાવશાળી, અસરકારક હોય છે. શ્રી અરવિન્દે આ શક્તિ નો ઉપયોગ જગતનાં બળો પર સતત કાર્ય કરવા માટે કર્યો.”

અનુ. શ્રી શાંતિલાલ ઠાકર

**– શ્રી અં.બા.પુરાણી**

‘શ્રી અરવિન્દ સાથે સાંજના વાર્તાલાપો’ ની ભૂમિકામાંથી